સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સુપ્રીમને આપી, વચન, ઇટાલી નાશી જાય છે!
બનાવી જાય 'બાબુ', આખા વિશ્વમાં હાંસી થાય છે,
કોર્ટ ને કરે દાસી, માસી થાય ન્યાય, ટાળે ફાંસી -
તમાચે આપણો ગાલ લાલ, ખોટી ખાંસી ખાય છે!!
(લ્યો! આપણે ડિપ્લોમેટીક વિજય!!)

હાઈકુ

ફૂંફાડો રાખો!
કાઢી લ્યો ઝેરી દાંત -
લોકપાલનાં..
(આંજ્ઞાકિત ને મૂકો)

બેઠા છે 'વાળા'
અણગમતાં પદે -
મારે છે દંડા!
(ઘરનાં ય ધિબાઇ જાય છે!)

ચિંતન

આસન્નમેવ નૃપત ભંજને મનુષ્યં વિદ્યાવિહીનમ કુલીનમ સંગતં વા ।
પ્રાણેય ભૂમિપતયઃ પ્રમદા લતાશ્ચ યઃ પાર્શ્વતો ભવતિ તં પરિવેષ્ટિયન્તિ ॥

'સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા પ્રકરણ 'રાજનીતિ' નો આ શ્લોક છે :

'રાજા, જે પોતાની આસપાસમાં જ રહેતા હોય અને સેવા કરતા હતા, હોય તેનું જ પાલન-પોષણ અને વિશેષ ધ્યાન રાખતા હોય છે. પછી ભલેને એ વિદ્યા વિનાનો હોય, કુળ વિનાનો હોય, સારી સોબત વિનાનો હોય, કેમ કે રાજાઓ, સ્ત્રીઓ અને લત્તા (વેલ) પોતાની પડખે-આસપાસ હોય તેને જ વીંટળાઇ જાય છે.'

એક કહેવત છે 'અગે તે સગે', 'પહેલું સગું પડોશી' ઘણીવાર કુટુંબ પરિવારમાં પ્રસંગ હોય ત્યારે ઘરનાં કરતાં મિત્રો વધારે પડતી પ્રવૃત્તિ અને હક્ક સત્તા બતાવતા હોય છે અને સંબંધી-સગાં પર એવી છાપ ઉપસાવતા હોય છે અહીં અમારૂં તમારા કરતાં વધારે ચાલે છે!

રાજાઓ-મંત્રીશ્રીઓ-સચિવોના અંગત મદદનીશો પણ આવી જ છાપ ઉપસાવતા હોય છે કે સાહેબ, એને પૂછ્યા વિના પાણી પણ પીતા નથી અને એક પગલું પણ ભરતા નથી. રાજાઓ-પ્રધાનો પણ કરે છે ઘાર્યું પણ પતિની માફક દેખાવ ભોળિયા-અને બુધ્ધુનો જ રાખતા હોય.

આવા રાજાની તદ્દન નજીકના અંગત માસ્ક ભલે ગમે તેવો નીચા પરિવારનો, અભણ, ખરાબ સંગત ધરાવતો હોય ત્યારે રાજાનાં 'એવાં' કામમાં એ જ મદદરૂપ હોય છે. સ્ત્રીનો પણ આ સ્વભાવ હોય છે, ડ્રાઇવર-રસોયા-કામવાળા -ઘણીવાર 'બહુ' નજીકના વિશ્વાસુ હોય છે.

સુવિચાર

- માત્ર બહારની કે ઉપરછલી વાહ વાહ ઇચ્છે છે તે પોતાનો બધો આનંદ બીજાની મુઠ્ઠીમાં રાખે છે. - ઓલીવર ગોલ્ડ સ્મિથ
- મૂર્ખની મૂર્ખાઇનો લાભ ઉઠાવવો એ પાપ છે - આચાર્ય ચતુર્સેન
- ગરીબી નમ્રતાની કસોટી અને મૈત્રીની પરીક્ષા છે. - હેઝલિટ
- સુંદર દેહ કરતાં સુંદર ચારિત્ર્ય વધુ સારૂં છે - એમર્સન
- વિસ્મૃત વસ્તુઓની સમયસર સ્મૃતિ એ જ જ્ઞાન છે - પ્લેટો
- દુખનું કારણ આપણી ચિત્ત વૃત્તિઓનો પ્રભાવ છે - ગીતાજી
- માનવતા વિનાના માનવી નાસ્તિક જ છે - શેખ સાદી

બોધ કથા

વેદો અને ઉપનિષદના વાચન-જ્ઞાનથી જગતનું મિથ્યાપણું-મોહ-માયા-વિલાસિતા-મમતા દૂર થાય છે. જીવનની સાચી દૃષ્ટિ મળે છે.

ઔરંગઝેબના ભાઇ દારાશિકોહને વેદશાસ્ત્ર ઉપનિષદોનાં અભ્યાસમાં રસ જાગ્યો હતો અને તે બ્રાહ્મણો પાસે સંસ્કૃત ભણતો તે જે સમજતો તે પોતાની બહેન ઝેબુન્નિસાને પણ કહેતો. બંને ને જીવન તરફ જોવાની વૈદિક દૃષ્ટિ મળી હતી.

ચીનના રાજાએ ઔરંગઝેબને એક મહામૂલ્યવાન અરિસો ભેટ આપ્યો હતો. તે વખતે રાજા મહારાજ સિવાય અરિસાનો વપરાશ જૂજ હતો.

ઝેબૂન્નિસા માથું ઓઇ તડકે બેઠી હતી. તેને અરિસામાં ઘોચેલા વાળ જોવાની ઇચ્છા થતાં દાસીને મહેલમાં આયનો લેવા મોકલી.

દાસી આયનો લઇને આવતી હતી. પણ પોતાના ચહેરા જોવાની ઇચ્છા રોકી ન શકી તેથી અરિસામાં જોતાં જોતાં ચાલતી હતી. અને ત્યાં જ તેને ઠેસ લાગી, પોતે પણ પડી અને અરિસા કટકા-કટકા થઇ ભાંગી ગયો.

દાસી ડર અને ગભરાટમાં ત્યાં જ બેસલી ને રડવા લાગી. હુંવરી પાસે ગઇ જ નહીં. ઝેબુએ બીજી દાસી તપાસ માટે મોકલી. એ પાછી આવી ને ઝેબ્બુનિસ્સાને હકીકત કહી, 'આયનો તૂટી ગયો છે અને દાસી રડે છે.'

રાજકુમારીને ઉપનિષદ જ્ઞાન યાદ આવ્યું. સ્મિત સાથે બોલી : અઝા ખતા આઇને યે ચીની શકસ્ત । બૂલ શુદ સામાને - ખુદબીની શકસ્ત ॥

(અરિસો તૂટ્યો તો સારૂં થયું વિલાસિતાનું સાધન ગયું)

પોતાના બળ પર ઉભા થાવ. જો જરૂર હોય તો સમસ્ત સંસારને શરત લગાવો, પરિણામમાં તમારૂં નુકશાન નથી થવાનું, તમે કેવળ મહાનથી સંતુષ્ટ રહો, બીજા બધા ભૌતિક ધનની ખોજ કરે છે અને તું અંતઃ કરણનાં ધનની ખોજ કર

(ગતાંકથી આગળ...)

આડો અવળો માર્ગ સીધો થઈ જશે : ૧૫

જ્યારે સર્વત્ર એકાંત હતું, ધ્યાનની ગહરાઈમાં ગુરૂ પ્રગટ થયા અને બોલ્યાં, હે પુત્ર ! એ શક્તિ કે જે માતૃ સ્વરૂપે વ્યાપ્ત છે તેનું ધ્યાન કરો. એ શક્તિથી ઉત્પન્ન થયેલાં બધાં જ ભયનું અતિક્રમણ કરતાં કરતાં તમે શક્તિનું મૂળ- કેન્દ્ર, માતૃ સ્વરૂપ- આત્મામાં, સ્થિત થઈ શાંતિ અનુભવ કરશો. જીવનની અનિશ્ચિતતાથી ભયભીત ના થશો. આ સ્મરણ રાખો કે જો રૌદ્ર સ્વરૂપ હજાર ગણું વધતું લાગે તો પણ તેનો પ્રભાવ માત્ર ભૌતિક શરીર ઉપર થશે. આત્મા પર નહીં થાય. આત્મા અવિનાશી છે, એટલે દરેક સમય દ્રઢ નિશ્ચિયી તથા ઉદ્યેમી રહો. પરમાત્માનાં આધાર પર સ્થિત રહો. એ સત્ય સિવાય કે જે બધાં પ્રાણીઓમાં સમાન છે, બીજા કશા પર વિશ્વાસ ન કરો. ત્યારે જ તમે વિષયોની ભયંકર આંધી તથા પ્રલોભનોમાં શાંત ચિત્તે રહેશો. તે કે જે આવે છે ને જાય છે આત્મા નથી. તમે તમારાં આત્માને જાણો નહીં કે શરીર ને. અનિત્યતા બધા જ પદાર્થોમાં, દ્રશ્ય જગતમાં વ્યાપ્ત છે. નિત્યતા ફક્ત એ સનાતન દ્રશ્યનાં દેશમાં છે. જ્યાં દેશ કાળથી અતિત આત્મ તત્વનું રાજય છે.

એ સત્ય સમુદ્રની માફક અગમ છે, કોઈ પદાર્થ એને સિમિત નથી કરી શકતું. જીવનનાં વ્યવહારિક લાગતાં સત્ય એ આત્મ તત્વનાં ઉન્નત સિંધુ માટે લાગુ નથી કે જે ઉચ્ચતમ અનુભવનાં શિખર ઉપર અંતઃ કરણમાં આત્માનાં રૂપમાં હિલોળાં લે છે.

સંસારનું દુઃખએ એની વાસનાઓનાં અનુપાતથી છે.

કઇ પણ પદાર્થોનાં સંગ્રહની ઇચ્છા ન કરો. પદાર્થ તમારી વાસ્તવિક સ્વભાવની તૃપ્તિ કરી શકશે? શું તું એનાથી બંધાઇ શકે છે ? માનવ આ દુનિયામાં નગ્ન આવે છે. અને આજ્ઞા થવાની નગ્ન જ જાય છે, ત્યારે તું કેવું મિથ્યાભિમાન કરીશ? તારી પાસે ધનની એ અનંત રાશિ હોય જેવો કદીયે નાશ નથી થયો. આંતર દૃષ્ટિનું વૃધ્ધિકરણ એવું જ ફળ છે. જેટલો અધિક તું તારા સ્વભાવને પૂર્ણ બનાવશો એટલું જ અધિક વિષયની સાથે એ સનાતન ધનને ઉપાર્જિત કરીશ, જેના દ્વારા થોડા સમયમાં આત્મ રાજયને ખરીદશો.

આ જ ક્ષણથી પોતાની અંદર ઉન્નતિ કરો નહીં કે બહાર અનુભવની ગતિ બદલો દો. ઇન્દ્રિયપરાયણ જીવનથી મુખ ફેરવી લો. બધાં પદાર્થોનું ભગવત રૂપ આપી દો.

શરીરને આત્માનું નિવાસ સ્થાન બનાવો. પ્રતિદિન આત્માને વધુ ને બધુ પ્રકાશમાં આવવા દો, ત્યારે જ અજ્ઞાનરૂપી અંધકાર દૂર થશે અને આત્મજ્ઞાનનો પ્રકાશ ધીરે ધીરે પ્રત્યક્ષ થશે. સંસારની સમસ્ત શક્તિઓ તમારી પાછળ છે, તમે જો માત્ર સત્યની તરફ અગ્રેસર થઇ રહ્યાં છો તો તે બધી શક્તિ તમારા અભ્યોદય માટે તમારી સાથે કાર્ય કરી રહી છે. તમારે સ્વયં પ્રયત્ન કરવો જોઇએ. તે જ જ્ઞાનનું અપનાવવું છે. પોતાનાં દ્વારા જ પોતાની રક્ષા થાય છે, બીજા દ્વારા નહીં. આથી ઉઠ અને મહેનત કર, લક્ષ્યની પ્રાપ્તિ થાય નહીં ત્યાં સુધી ન રોકાઇશ. આ જ ઉપનિષદોની આજ્ઞા છે.

જેવી રીતે હિંસક જતું પોતાના શિકારની તલાશ કરે છે. જેવી રીતે કામી પુરૂષ પોતાની ભોગ ઇચ્છા પુરી કરવા માટે પ્રયત્ન કરે છે, જેવી રીતે ભૂખે મરી રહેલો મનુષ્ય ભોજનની ઇચ્છા કરે છે, જેવી રીતે પાણીમાં ડૂબી રહેલો મનુષ્ય રક્ષા માટે બૂમો પાડે છે, બસ એવી જ તીવ્ર આતુરતા તથા આત્માની શક્તિ સાથે તું સત્યની અંન્વેષણા કર! જેવી રીતે સિંહ શબ્દોથી નથી કાંપતો, જેવી રીતે તે સ્વતંત્ર અને નિર્ભય રહે છે, તેવી જ રીતે તું પણ લક્ષ્ય પ્રાપ્તિનાં ઉદ્દેશ્યથી સંસારમાં વિચરણ કર, કારણ કે એના માટે અનંત નિર્ભયતા આવશ્યક છે. પોતાની સમસ્ત આત્મિક શક્તિઓનાં સંગ્રહ કરીને અને સાહસથી આવરણોનું ભેદન કરવાથી તારા માટે સમસ્ત સીમાઓ તુટી જશે. બધા જ આડા-અવળા માર્ગો સીધા બની જશે. આ જાણતા જાણતા આગળ વધ. "જો તું આત્માની ખોજ કરી રહ્યો છું. તો જાણી લે કે જ્યારે તું આત્માને જોઇશ તો તે પરમાત્માનાં રૂપમમાં પ્રત્યક્ષ થશે."

"ઊઁ તત સત" ગુરૂનાં શબ્દો એકાંતમાં મૌનમાં સંભળાયા. તેમનું સ્વરૂપ છે જે પમરાત્મા છે.

વિશ્વાસ કરો - ૧૬

ધ્યાનનાં સમયે આ શબ્દો ફરી સંભળાયા, "હે પુત્ર! તને શાંતિ પ્રાપ્ત થાઓ. અહીં કે ત્યાં, ક્યાંય પણ તારા માટે ભયનું કોઇ કારણ રહે નહીં. પ્રેમ સ્વરૂપ આત્મા બધામાં વ્યસ્ત છે. અને એ પ્રેમ માટે પરમાત્માથી વિશેષ કોઇ નામ નથી. પરમાત્મા તારાથી દૂર નથી. તે દેશથી સિમિત નથી. કારણ કે તે અંતરમાં શાસન કરી રહેલો નિરાકાર છે. પોતાને તેનાં ચરણોમાં પૂર્ણ રીતે સમર્પિત કરી દે. કાંઇ પણ બાકી ન રહે. આ આત્મા સમર્પણથી તારો સ્વભાવ પવિત્ર બની જશે. વિચાર કરો કે પ્રેમ કેટલો મહાન છે! જીવનથી મોટો છે, મૃત્યુથી મોટો છે, મૃત્યુથી બળવાન છે. પરમાત્માનાં બધાં માર્ગોમાં સહુથી સુગમ છે. આંતર દૃષ્ટિનો માર્ગ કઠણ છે. પરંતુ પ્રેમનો માર્ગ સરળ છે. તું બાળક જેવો થઇ જા. પ્રેમ અને શ્રધ્ધા રાખ. તને કોઇ દુઃખ નહીં થાય. ધૈર્ય અને આશા રાખ. તો તરત જ જીવનની સમસ્ત સ્થિતિઓનો સામનો કરવાની યોગ્યતા તારામાં આવી જશે."

ઉદાર બન. અહંકાર અને અનુદારતાનાં ભાવને સમુળગો નષ્ટ કરી દે. પૂર્ણ વિશ્વાસની સાથે પોતાને પરમાત્માને સમર્પિત દે. તે તારા સમસ્ત માર્ગોને જાણે છે, એની બુધ્ધિમત્તામાં વિશ્વાસ રાખ. તે માતા-પિતાની માફક પ્રેમ કરવવાળો છે. તારા સુખ-દુઃખનો તે સાથી છે. એનો અનુગ્રહ અનંત છે. તારા વારંવાર પાપ કરવા છતાં પણ તે હંમેશાં માફ કરી દે છે.

પરમાત્માને પ્રેમ કરવાથી તારા પર આવેલી વિપત્તી નહીં રહે. ભયંકરમાં ભયંકર અનુભવને પણ તું પોતાના પ્રેમ રૂપી દૂતની માફક ઓળખીશ. વસ્તુતઃ પ્રેમથી જ તું પરમાત્મા સુધી પહોંચીશ. શું માતા દરેક સમય પોતાનાં પ્રેમમાં સમાન નથી હોતી! બસ એવી જ રીતે પરમાત્મા પર તારો પ્રેમી છે. વિશ્વાસ કર તો પણ તારૂં કલ્યાણ થશે.

પૂર્વકૃત પાપોનો ભય ન રાખો. મનુષ્ય બનો. સાહસની સાથે જીવનનો સામનો કરો. જે કાંઇ પણ આવી પડે તેને સહન કરો. અનંત શક્તિ તમારી પાછળ છે, તે સ્મરણ રાખો. તેને પોકારો! પરમાત્મા સ્વયં તમારી પાછળ છે, પછી ભય શાનો?

અહીં હજી અત્યારે જ અમરત્વ માટે પ્રયત્ન કરો. મનને નિયમિત કરો. એ જ મુખ્ય કાર્ય છે. એ જ મનુષ્ય જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય તથા સાર્થકતા છે. જ્યારે હાડમાંસમાં બંધાયેલો છે, તો દેહબુધ્ધિ પર વિજય પ્રાપ્ત કરીને અમરત્વ પ્રાપ્તિનો આ જ સુઅવસર છે. પોતાને અમરત્વને યોગ્ય બનાવો. જે દેહાત્મ બુધ્ધિ પર વિજય પ્રાપ્ત કરી લે છે, દેવગણ પણ તેની ઉપાસના કરે છે. મૃત્યુ એક ભૌતિક ઘટના છે. મનનું જીવન એનાથી અધિક મોટું છે. આત્માનું જીવન તો અનંત છે. તો તમારા માટે મહાન વિચાર તો વિચાર તથા એના દ્વારા તુરંત જ ધાર્મિક ઉન્નતિ કરવી આવશ્યક છે. બાહ્ય પદાર્થોની ચિંતા ન કરીશ. ભલે પછી કોઇ પુરૂષ સમસ્ત સંસારનો સ્વામી થઇ જાય ફણ છતાં પણ એને પોતાનો સ્વામી થવું પડશે.

જો તે બુધ્ધિ સંબંધી જ્ઞાનનું અન્વેષણ કરી ચૂક્યો હશે તો પણ એણે પોતાને જાણવું પડશે. જ્ઞાન અને અજ્ઞાનમાં આ જ એક લક્ષ્ય છે કે જે જીવનને સાર્થક બનાવે છે. આ જ એક ઉદ્દેશ્ય છે કે જીવનને તથા આત્મોન્નતિની પ્રણાલી ને સ્પષ્ટ બનાવે છે. વાસ્તવમાં આ જ જ્ઞાન છે જે અંતઃકરણને ઉન્નતિ સુધી પહોંચાડે છે. આથી તમે સાહસની સાથે આત્મોન્નતિની માટે કટિબધ્ધ થઇ જાઓ. સંભવ છે માર્ગ લાંબો હોય, પરંતુ અંત થવામાં સંદેહ નથી જ! અન્ય સમસ્ત શબ્દોને છોડીને ફક્ત બધાથી મહાનની સાથે તમારો સંબંધ હો!

પોતાના બળ પર ઉભા થાવ. જો જરૂર હોય તો સમસ્ત સંસારને શરત લગાવો. પરિણામમાં તમારૂં નુકશાન નથી થવાનું, તમે કેવળ મહાનથી સંતુષ્ટ રહો. બીજા બધા ભૌતિક ધનની ખોજ કરે છે અને તું અંતઃ કરણનાં ધનની ખોજ કર.

એ સમય આવશે જ્યારે તું જાણીશ સમસ્ત સંસારનું સામ્રાજ્ય અને દેવોનું પણ સ્વર્ગ રાજ્ય આત્મ જ્ઞાનનાં પ્રકાશની સામે માટીની બરાબર છે. ઉઠ અને આ મહાન પ્રયત્નનાં માટે કટિબધ્ધ થઇ જા! આત્મિક જીવન તો તારો જન્મ સિધ્ધ અધિકાર છે. તારૂં ધન એવું છે જેને ચોર ચોરી નહીં શકે. આત્મા જ તમારૂં સર્વ શક્તિમાન ધન છે.

આપણે ત્યાં ઘણાં લોકો એવી માન્યતા ધરાવે છે, વૃક્ષોની ઝાડી હોવાથી મચ્છરો વધારે થાય છે, તે માન્યતા આ અહેવાલોને આધારે ખોટી હોવાનું સમજી શકાય તેમ છે

વન્યસૃષ્ટિ પરિચય
ઓછા વૃક્ષો - વધુ મેલેરીયા

- હેમંત સુથાર

વૃક્ષોનું મહત્ત્વ આપણે સહુ જાણીએ છીએ. વૃક્ષોના પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ફાયદાઓથી આપણે સહુ સુપરિચિત છીએ. માનવ આરોગ્ય પર વૃક્ષોની સીધી અસરો પણ છે. અગાઉનાં લેખમાં આપણે વૃક્ષો કપાયેલાં અમેરિકાનાં અને ભારતનાં બેંગ્લોરના વિસ્તારોમાં અસ્થમાના તથા શ્વસન રોગીઓની વધેલી સંખ્યા વિષયે વાત કરી હતી.

અહીંયા આજે આપણે બે સંશોધનોની વાત કરીશું જેમાં વન વિનાશ થવાથી મેલેરિયાના રોગનું પ્રમાણ વધ્યાની હકીકત ધ્યાનમાં આવી છે.

પેરૂ અને અમેરિકાના વૈજ્ઞાનિકોએ એમેઝોન બેસીન વિસ્તારમાં એક સંશોધન બાદ તારણ કાઢ્યું કે મેલેરિયાના રોગનાં કારણભૂત તેવા એનોફીલીસ ડાર્લીંગી જાતનાં મચ્છરોની સંખ્યા સારા જંગલ વિસ્તાર કરતાં વન વિનાશ થયેલો હોય તેવા વિસ્તારોમાં ૨૦૦ ગણી વધારે હોવાનું જોવા મળ્યું હતું. આજ વિસ્તારોમાં મચ્છરો કરડવાનું પ્રમાણ ૨૭૮ ગણું વધારે નોંધાયું છે. આ સંશોધન અહેવાલ 'અમેરિકન જર્નલ ઓફ ટ્રોપીકલ મેડીશીન અને હાઇઝીન' ના જાન્યુઆરી ૨૦૦૬ના અંકમાં પ્રસિધ્ધ થયેલ હતો.

આજ પ્રકારના અન્ય એક સંશોધન દરમિયાન જે માનવ વસાહતોમાં વૃક્ષોનું મોટા પ્રમાણ કપાણ થયેલું હતું ત્યાં ટુંકા ગાળા માટે પાણીનો ભરાવો થવાના કારણે વધુ મચ્છરો પેદા થવાનું પણ ધ્યાને આવેલ હતું. આ અહેવાલ "નેશનલ એકેડેમી ઓફ સાયન્સ" નામનાં મેગેઝીનના ફેબ્રુઆરી-૨૦૦૬ ના અંકમાં પ્રસિધ્ધ થયેલ છે.

આપણે ત્યાં ઘણાં લોકો એવી માન્યતા ધરાવે છે. વૃક્ષોની ઝાડી હોવાથી મચ્છરો વધારે થાય છે. તે માન્યતા આ અહેવાલોને આધારે ખોટી હોવાનું સમજી શકાય તેમ છે.

● ઉંદરોની સુંઘવાની શક્તિ

માનવ સહિતનાં ઘણાં સસ્તન પ્રાણીઓ ત્રિ પરિમાણીય સુગંધ શક્તિ ધરાવે છે. ઉંદરો, શાર્ક અને કીડીઓ પણ આવી જ સુંઘવાની શક્તિ ધરાવે છે.

નેશનલ સેન્ટર ફોર બાયોલોજી સાયન્સ, બેંગ્લોર સંસ્થાના વૈજ્ઞાનિક ઉપીન્દર ભલ્લા દ્વારા ઉંદરોની સુંઘવાની શક્તિ ઉપર વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા. આપણે જાણીએ છીએ તેમ ઉંદરોમાં તેની સુંઘવાની શક્તિ અન્ય શક્તિઓ કરતાં વધુ તીવ્ર હોય છે. માનવોની સાથે ઉંદરોની સુંઘવાની શક્તિને સરખાવવામાં આવતાં જાણી શકાયું છે કે જે સુગંધને પારખવા માટે માનવોમાં ૭૦૦ મીલી સેક્ન્ડનો સમય લાગે છે. તેજ ગંધ પારખવામાં ઉંદરોને ફક્ત ૫૦ મીલી સેકન્ડ સમય લાગે છે. એટલે કે ઉંદરો માનવ કરતાં ૧૪ ગણી ઝડપે ગંધ પારખી શકે છે. ઉંદરોમાં ગંધ પારખવાની ૧૦૦૦ થી વધુ પ્રોટીન યુક્ત ગ્રંથીઓ હોય છે જે માનવોમાં ફક્ત ૩૦૦ જોવા મળે છે.

ઉંદરો પરનાં પ્રયોગો દરમિયાન થોડા દિવસો ઉંદરોને ભૂખ્યા રાખવામાં આવતાં હતાં અને ત્યારબાદ તેમનાં પર કેળા, ગુલાબ જળ અને નીલગીરી જેવા જુદા જુદા પદાર્થોની ગંધને પારખવા માટેનું કાર્ય કરાવવામાં આવતું હતું. આ દરમિયાન ઉંદરો તેમનાં બંને નસકોરામાંથી ડાબા કે જમણાં ક્યા નાકનાં નસકોરાં ગંધ પ્રથમ પ્રવેશી તેનાં આધારે ગંધયુક્ત પદાર્થની દિશા ઝડપથી જાણી લેતાં હતાં અને ત્યારબાદ તેના અંતરનો પણ અંદાજ મેળવી લેતાં હતાં. જુદા જુદા પ્રકારની ગંધો વચ્ચેનો તફાવત પારખવામાં પણ તે કુશળ જણાતા હતા.

મોટા ભાગે અંધારામાં કે રાત્રી દરમિયાન ફરતાં રહેતાં ઉંદરોનાં નાક આંખનું કામ કરતાં હોય છે, તેમ કહીએ તો ખોટું નથી. ઉંદરોમાં નર-માદાની પસંદગી, સંવનન કાળ તથા અન્ય સમુહના ઉંદરોની ઓળખ વગેરે તેમનાં પેશાબની મદદથી થાય છે. તેમાં ગંધનો ફાળો મુખ્ય છે. રોજસ - લીબાનો નામનાં વૈજ્ઞાનિક ઉંદરોને ચોક્કસ ગંધ ઓળખવાની તાલીમ પણ આપે છે. ઉંદરો તાલીમ લેન્ડમાઇન્સ તથા ટ્યુબરક્લોસીસ રોગ કાઢે છે.

● મોટા હૃદયનાં અજગર

સરિસૃપોમાં સાપનાં ઝેર અને મોઢાની લાળ ઉપરાંત તેમની ચયાપચયની ક્રિયાઓની વિશિષ્ટતાઓ માનવો માટેનાં રોગોની દવાના સ્રોત બની રહી છે. વિવિધ સાપોનાં ઝેરમાંથી હૃદય રોગ, અને લોહી જેવા રોગોની દવાઓ શોધાઇ રહી છે. જીલા મોનસ્ટર નામના વિશાળ કદની ગરોળીની લાળ ડાયાબીટીસના રોગમાં ઉપયોગી ઇલાજ બની શકે તેમ છે. તે જ રીતે હાલમાં થઇ રહેલાં બર્મીસ પાયથન (અજગર) પરનાં પ્રયોગોનાં પરિણામે માનવ હૃદય રોગની દવામાં ઉપયોગી બની શકે તેવી ઉજળી સંભાવનાઓ ઉજાગર કરે છે.

આ અજગરનું ખોરાક લીધા બાદ બીજા દિવસે તેના શરીરના અંગો અને હૃદયનું કદ મોટું થયેલું જોવા મળે છે. કોલારોડા યુનિવર્સિટીની વૈજ્ઞાનિક લેસલી લેઇનવાન્ડના અભ્યાસ દરમિયાન જોવા મળ્યું કે આ અજગરના લોહીમાં રહેલા કોલેસ્ટરોલનાં એક પ્રકારના ટ્રાયગ્લાસરાઇડનું પ્રમાણ સારૂં એવું વધી જાય છે. માનવ શરીરમાં તેનું વધું પડતું પ્રમાણ હાનિકારક મનાય છે. જ્યારે આ અજગર તેવા ટ્રાયગ્લીસરાઇને બાળી નાંખવાની ક્ષમતા ધરાવે છે. માનવ હૃદયરોગ માટે અજગરની આ વિશિષ્ટનામો ઇલાજની સંભાવનાઓ દર્શાવે છે.

ઉંદરો પર અજગરના લોહીની મદદથી પ્રયોગ હાથ ધરવામાં આવ્યો ત્યારે જોવા મળ્યું કે ઉંદરોનાં હૃદયનું કદ પણ તેનાં કારણે વધી ગયેલું જણાઇ આવ્યું હતું. આ એક આશાસ્પદ હકીકત હતી જે માનવ હૃદય માટે પણ સંભવ બની શકે તેમ છે.

મહિલાઓને તાજેતરમાં મળેલા મુખ્ય કાયદાકીય અધિકારો

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને શક્તિ ગણવામાં આવી છે. એક તરફ દુર્ગા, સરસ્વતી, ચામુંડા, અંબાજી માતાની શક્તિની ઉપાસના આરાધના કરીએ છીએ. ત્યારે બીજી તરફ સ્ત્રીઓને મળતાં અધિકારો ઉપર તરાપ મારી નિર્બળ, અબળા, લાચારની સ્થિતિમાં સમાજ મુકે છે.

મહિલાઓ ઉપર દિન પ્રતિદિન અત્યાચારમાં વધારો થતો જાય છે, ત્યારે તાજેતરમાં મહિલા અધિકાર માટે કાયદામાં કડક સુધારા વધારા કરવામાં આવ્યાં છે. સ્ત્રીઓ હતાશા, નિરાશામાંથી બહાર નીકળી સફળતાના શિખરો સુધી પહોંચે છે, પરંતુ અન્યાય સામે અવાજ ઉઠાવવામાં કાયદાની મળનાર સહાયનો ઉપયોગ કરી અધિકારો પ્રાપ્ત કરવામાં પાછી પાની કરે છે. સમાજનો ડર, બદનામીનો ડર, મર્યાદ, ઇજ્જત આબરૂનું વિચારી અન્યાય સહન કરી ચૂપચાપ બેસી જાય છે. ક્યારેક કાયદાના રક્ષક જ ભક્ષક બને છે. અને સમયસર સાચી ફરિયાદ નોંધાવી નથી તેથી પુરાવાના અભાવે ગુનેગારોને સજા અપાવવામાં નિષ્ફળતા મળે છે,

નારીને મળેલા કાયદાકીય અધિકારોમાં મુખ્યત્વે ૧૯૮૩ માં દહેજ કાયદો, અમલમાં મુકી કલમ ૪૮૯માં વ્યાપક સુધારા કર્યા ત્યારબાદ ૧૯૯૭માં ઓફિસમાં કામકાજ કરતી મહિલાના રક્ષણ માટે જાતિય સતામણી માટે માનવ અધિકાર ભંગ ગણવામાં આવ્યો.

સને-૨૦૦૫માં હિન્દુ સકશેસન એક્ટમાં સુધારો કરી પતિની સંપત્તિમાં પત્નીને સમાન અધિકારી ગણવામાં આવેલ છે. પતિનાં નામે ખાતે હોય તે સંપત્તિમાં છૂટાછેડા બાદ પત્નીને અડધી સંપત્તિ કાયદા દ્વારા માલિકી આપવામાં આવે છે. તેમજ કસ્ટોડીયન એક્ટમાં સુધારા કરી પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોની કસ્ટડી પત્નીને આપવાનું ઠરાવ્યું તેમજ બાળક અને માતાનું ભરણપોષણ કરવાની જવાબદારી પતિની નક્કી કરવામાં આવી.

સને - ૨૦૦૫માં જ મહિલાઓ અંગે ઘરેલું હિંસાનો કાયદો ઘડવામાં આવ્યો ત્યારબાદ ૨૦૦૮ માં મહિલાઓ માટે મહત્ત્વની એવી માતૃત્વની રજાઓ ૧૨૦ દિવસથી વધારી ૧૮૦ દિવસની કરવામાં આવી અને આવી રજાઓ સવેચન આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.

સ્ત્રી કોઇ પણ જાતનાં બંધન વગર મુક્ત રીતે કોઇ પણ પુરૂષ સાથે વગર લગ્ન સાથે રહી શકે તેમજ તેવા રીલેશનમાં પણ કાયદાકીય હક્કો મળી શકે તે માટે 'લીવ ઇન રિલેશન એક્ટ' અમલમાં મુકવામાં આવ્યો છે.

સને ૨૦૧૨માં જાતીય સતામણી તેમજ ઘરેલું હિંસામાં સ્ત્રીઓને ખાસ રક્ષિત કરવા માટે કાયદાકીય બનવું પડશે. માત્ર કાયદા બનાવવાની સર્વ પરિસ્થિતિ બદલાશે, તેમ માનવું ભૂલ ભરેલું છે. અલગ મહિલા પોલીસ સ્ટેશનની જોગવાઇ કરી. અલગ મહિલા બેંક ખોલવાનાં પ્રયત્ન કરેલ છે. જેનો વહિવટ માત્ર મહિલાઓ માટે અને મહિલાઓ દ્વારા જ કરવામાં આવશે.

મહિલાઓ માટે અલગ ટ્રેન - બસ તેમજ અલગ રિઝર્વેશન ડબ્બાની પણ જોગવાઇ કરેલ છે. અલગ મહિલા પોલીસ સ્ટેશન સ્થાપવામાં ગુજરાત મોખરે છે. પાટનગર ગાંધીનગરમાં છેલ્લા ચાર વર્ષ ઉપરાંતથી અલગ મહિલા પોલીસ સ્ટેશન કાર્યરત છે, જે ઘરેલું હિંસામાં સમજદારીથી બંને પક્ષોને માર્ગદર્શન આપી લગ્નજીવન તૂટતા અટકાવવા પ્રયત્ન કરે છે. જો સમજાવટથી કામનાં પતે તો કાયદાનો ઉપયોગ કરી ન્યાય અપાવે છે.

આમ છતાં ખામ પંચાયતો મહિલાઓ માટે અલગથી નિયમો બનાવી મહિલાઓનાં વિકાસમાં રક્ષણ આપી, કડક સજાની જોગવાઇ કરવામાં આવી.

સને ૨૦૧૩માં જાતીય સતામણી તથા બળાત્કારના ગુનામાં સજામાં વધારો કરી બળાત્કારીનાં જામીન રદ્દ કરવા સુધીનાં સુધારા કરી. ગેંગરેપના આરોપીને ફાંસીની જોગવાઇ કરવામાં આવેલ છે. તેમજ ભોગ બનનાર ચુવતીનો તમામ દવાદારૂ, કાનૂની ખર્ચ સરકાર ભોગવશે તેવું નક્કી કરવામાં આવેલ છે.

મહિલાઓ માટે 'નિર્ભયા' ફંડમાં વધારો કરી ૯૭૧ અબજની જોગવાઇ કરવામાં આવી. અત્યાચારનો ભોગ બનનાર મહિલાઓનો તમામ ખર્ચ આ ફંડમાંથી ચૂકવવામાં આવશે. જે માટે મહિલા આયોગને જવાબદારી સોંપવામાં આવી છે. ફક્ત કાયદો બનાવવાથી મહિલાઓને અધિકાર મળતો નથી. પરંતુ ન્યાય મેળવવા માટે પોતાના સમાન હક્ક, અધિકાર મેળવવા માટે સ્ત્રીઓએ જ પોતાના અધિકારો માટે જાગૃતતા લાવવી પડશે. સમાજ સામે, અન્યાય કર્તા સામે લડવા માટે શારીરિક માનસિક રીતે સજ્જ રોડા નાંખે છે. રોજ નવા નવા ફતવા બહાર પાડી સમાજમાં ગુનેગારોને દંડવાના બદલે મહિલાઓ ઉપર રોકટોક અયકાયતના પગલાં ભરતા ફતવા બહાર પાડી 'ઓનર કિલિંગ' સુધી કાયદો હાથમાં લેતા અચકાતા નથી. જે સમાજ માટે લાલબત્તી સમાન છે. આવી તમામ ખાપ પંચાયતો ઉપર પાબંધી લાવવી જોઇએ.

કાયદા દ્વારા મહિલાઓને સમાન અધિકારો આપે છે, પરંતુ તેનો ઉપયોગ કરી અબળામાંથી સબળા બનવા માટે મહિલાઓએ જાતે જ પ્રયત્નો કરી પોતાનાં હક્ક અને અધિકારની લડાઇ જાતે જ લડવી પડશે.